

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

## સલામી સવારની..

*કંજૂસો ને અસંતુષ્ટો પાછળ પડી જાય છે!*
*છે કાગડાનો સ્વભાવ, પાછળ પડી જાય છે!*
*પાછળ પડી જાય છે ને - વડીલોની સેવાથી -*
*દુ:ખી આત્મા મૃત્યુ પછી પાછળ પડી જાય છે!*

### હાઈકુ

*શ્રદ્ધા-પૂર્વક*
*કરો શ્રાદ્ધ છે એ જ -*
*પિતૃ-તર્પણ..*

*દીધું જીવન -*
*શ્રમ-સાધના-માટે,*
*ચૂકવો ઋણ...*

### ચિંતન

*યસ્ય દેવે પરાભક્તિર્યથા દેવે તથા ગુરૌ*
*તસ્યૈતે કથિયા હાર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ।*

ઉપરોક્ત શ્લોક 'શ્વેતાંબર ઉપનિષદ' માંથી લેવાાં આવેલ છે.

જે સાધકની પરમદેવ પરમેશ્વરમાં પરમભક્તિ હોય છે તથા પરમેશ્વર પ્રતિ હોય તેટલી જ ભક્તિ ગુરુ પ્રત્યે હોય, તે મહાત્મા પુરુષના હૃદયમાં જ રહસ્યમય અર્થ પ્રકાશિત થાય છે.

જે પોતાને નિરંતર, નિત્ય, જ્ઞાનસ્વરુપ, ચેતન, અમલ, સચ્ચિદાનંદ સ્વરુપ માને છે, તે જ વાસ્તવમાં 'ગુરુ' કહેવડાવવાના યોગ્ય હોય છે.

આજે 'ચમત્કાર' કરી બતાવે એ સારો ગુરુ ઉત્તમ પ્રકારે જ્ઞાન ભર્યા ભાષણ, નરેન્દ્ર શેલીથી બૂમબરાડા પાડી બોલી બતાવે તે ઉત્તર ગુરુ એમ નથી. ગુરુ-શરીર-શૈલી-ચમત્કારથી નથી એ પણ માનવદેહ છે એમની પણ વૃત્તિઓથી ભૂલ થઈ શકે આપણે એ જોવું પણ એમાં રહેલાં 'ગુરુતત્વ'ને પરમ પરમાત્માત્વ તત્વ સમજી ભક્તિ-વિશ્વાસ-શ્રદ્ધા રાખવા જોઈએ. આસારામ નહીં એમાં રહેલું ગુરુ તત્વ જુઓ.

### સુવિચાર

- યાર કે ઘર ખીચડી પકી - સબ ને ચખી । યાર કે ઘર આગ લગી - સબ ને શેકી - **મહેશ જોષી**
- ઈશ્વર હવે ધર્માચાર્યોને મોઢેથી નથી જમતો, ગરીબોને મોઢેથી જમે છે - **મોરારિ બાપુ**
- પૂજા એટલે પ્રભાવ જોઈને જે કરવામાં આવે તે, અને સ્વભાવ જોઈને કરાય તે સેવા કહેવાય - **માનવસૂત્ર**
- જે હાથે સારું કાર્ય થાય છે તે હાથ તીર્થ છે, અને તે જયાં રહે છે તે તીર્થધામ બની જાય છે - **સંત રોબિન**
- પુરુષ પાસે હાથ છે, સ્ત્રી પાસે હાર્ટ છે. પુરુષ પાસે કર્મ હોય છે, સ્ત્રી પાસે કરુણા હોય છે - **અખંડ આનંદ**
- સમસ્યાની તિજોરી સત્સંગની ચાવીથી ખૂલે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : બકરીના દૂધના પોતાં મુકવાથી દુખતી આંખ મટી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ વડાપ્રધાન જહોન મેજરના પિતા સરકસમાં ખેલ કરતા. ટૂંકી આવક અને ગરીબીમાં માંડ પૂરું થતતું હતું. પરિવારને મદદરુપ થવા જહોન મેજરે સોળમે વર્ષે પાર્ટ ટાઈમ નોકરી શરૂ કરી દીધી હતી. પાર્ટ ટાઈમ નોકરી કરવામાં તેઓ અભ્યાસમાં ધ્યાન આપી ન શકવાને કારણે અગિયારમાં ધોરણમાં નાપાસ થયા. જહોનને પિતા તથા શિક્ષકો સલાહ આપતા કે ભણવામાં ધ્યાન આપ નહીંતર કદી ઊંચો નથી આવ. જહોન મેજર તેમને કહેતા, 'મને સલાહની જરૂર નથી, હું સામાન્ય માણસ તરીકે મરી જવા પેદા થયો નથી.' જહોન મેજર માંડ માંડ ગ્રેજ્યુએટ થયા. અને બેંકમાં એકાઉન્ટન્ટ તરીકેની નોકરી સ્વીકારી. ત્યારે તેમના પરિચિતો ટોણો મારતો કહેતા, 'કેમ જહોન? બની ગયો મોટો માણસ?' જહોન મેજર કોઈ નકારાત્મક વાત ધ્યાન પર લેતા નહીં. અને પોતાની રીતે જિંદગી જીવવાનું ચાલું રાખ્યું. રાજકારણમાં રસ લીધો અને બે વાર સંસદની ચૂંટણી લડવા અને બંને વાર હારી ગયા. પણ હાર માને તે જહોન મેજર નહીં. ૧૯૭૯માં તેઓ ફરીવાર ચૂંટણી લડ્યા અને જીત્યા. થોડા જ સમય બારદ માર્ગારેટ થેચરના પ્રધાનમંડળમાં તેઓ પ્રધાન બન્યા અને ૧૯૯૨માં તેઓ બ્રિટનના વડાપ્રધાન બન્યા. જહોન મેજર કિશોરાવસ્થામાં મહત્ત્વાકાંક્ષી વાતો કરતા હતા ત્યારે તેમની મશ્કરી કરનારા લોકો ઘેટાં-બકરાંની જેમ જિંદગી જીવી ગયા અને જહોન મેજર ઈંગ્લેન્ડના વડાપ્રધાન બન્યા. અર્થાત આપણી આજુબાજુ પણ આવા બેવકૂફોની ફોજ હોય છે. પણ તેમની પરવા કર્યા વિના લક્ષ્યને વળગી મહેનત કરવાની ધાર્યું પ્રાપ્ત કરી શકાય છે.

# મેધાવી રાજવંશી લોકનેતાની વિદાય

ગુજરાતના જાહેરજીવનમાં પોતાની નોખી - અનોખી છાપ અને આગવી ઓળખ ઊભી કરનારા ધારાસભ્યોમાં મનોહરસિંહ જાડેજાનું નામ ઘણા લાંબા સમય સુધી યાદ રહેશે. તેઓ એક શ્રેષ્ઠ ધારાસભ્ય અને પ્રભાવશાળી મંત્રી તરીકે સેઓ આપનારા નિષ્કલંક રાજપુરુષ હતા. માધવસિંહ સોલંકીના શાસનકાળમાં એમણે યાદગાર કામગીરી બજાવી હતી. સનત મહેતા અને મનોહરસિંહ જાડેજાની બૌદ્ધિક બેલડીથી તત્કાલીન કોંગ્રેસ રળિયાત લાગતી. જૂથબંધીનો વાવર ચાલતો રહેતો પણ એમાંય વિવેકશૂન્યતા નહોતી વપતાતી. મનોહરસિંહ જાડેજાનું વ્યક્તિત્વ એક રાજવંશીને શોભે એવું હતું અને એવો જ હતો એમનો સ્વભાવ અને પ્રભાવ. પ્રજાના પ્રશ્નોની ઊંડી સૂઝ તથા દલિતો - વંચિતો - શોષિતો પ્રત્યેની એક રજવાડી નેતાને છાજે એવી અનુકંપા એમના અંગત વ્યવહાર વર્તણૂકમાં પણ દેખાતી. રાજકોટમાંથી જ આવતાં શાંતાબેન ચાવડા જેવાં દલિત ધારાસભ્યની રાજકીય કારકિર્દી ઘડવામાં એમનો સિંહફાળો હતો. ગુજરાતના આરોગ્યમંત્રી તરીકે નોંધપાત્ર કામગીરી બજાવનારા મનોહરસિંહ જાડેજા રાજકોટના ઠાકોર સાહેબ હતા પરંતુ સામાન્ય માનવીની જેમ રહેતા હતા. એમનામાં એક કવિ જીવડો ધબકતો હતો. રાજકારણમાંથી નિવૃત્ત થયા પછી એ કવિતા તરફ વળ્યા હતા. ૮૩ વર્ષની જૈફ વયે દિવંગત થયેલા આ રાજવી લોકનેતા ગુજરાતના રાજકારણીઓમાં જુદા જ તરી આવતા હતા. કયારેય પદ માટેના ધખારા ન રાખ્યા, નહીંતર ક્ષત્રિય સમાજ અને સૌરાષ્ટ્રના નામે મુખ્યમંત્રીના દાવેદાર જરૂર બની શક્યા હોત. માધવસિંહ સોલંકીને અનામત આંદોલન પછી મુખ્યમંત્રી પદ છોડવું પડેલું ત્યારે લોબીઈંગ કર્યું હોત તો એમના અનુગામી મુખ્યમંત્રી બની શક્યા હોત. પરંતુ હાઈકમાંડ આગળ અંગત માગણીઓ લઈને લાઈનમાં ઊભા રહેવાનું એમને કયારેય ફાવ્યું નહોતું. પરિવારમાં પણ કયારેય પોતાની જોહુકમી નથી ચલાવી. માંધાતા સિંહ નરેન્દ્ર મોદીથી પ્રભાવિત થઈ ભાજપમાં જોડાયા ત્યારે એમને તટસ્થ રહેવાનું પસંદ કર્યું હતું. આર્થિક સંકટ આવ્યું ત્યારે એમણે અંગત સંપત્તિ વેચવા કાઢી હતી. રાજકારણમાં માત્ર ઘસાઈને ઊજળા થવાની રવિશંકર મહારાજની કલ્પના મુજબ જીવનારા અને 'દાદા'ના હુલામણા નામે ઓળખાતા સ્વચ્છ પ્રતિભા ધરાવતા મેધાવી રાજવંશી લોકનેતાની વિદાયથી ગુજરાતના ગરિમામય રાજકારણનો એક સીમાચિહ્નરૂપ સ્તંભ ખડી પડ્યો છે. આઝાદી પછીના સમયગાળામાં રાજા-રજવાડાંના વારસદારો જાહેરજીવનમાં સક્રિય બન્યા અને પ્રજાએ એમને ઊલટભેર જાહેરજીવનમાં સક્રિય બન્યા અને પ્રજાએ એમને ઊલટભેર પોંખ્યા. એ પૈકી જે કેટલાંક નામોનું સ્મરણ લાંબો વખત રહ્યા કરશે એમાં વડોદરા નરેશ ફતેહસિંહ રાવ ગાયકવાડ, બારિયા નરેશ જયદીપસિંહ, મોગર ઠાકોર સાહેબ નટવહસિંહ સોલંકી, વાંકાનેર યુવરાજ દિગ્વિજયસિંહ અને જામનગર સાંસદ તરીકે વર્ષો સુધી સેવાઓ આપનાર દોલતસિંહ જાડેજા અને મનોહરસિંહજીને પણ ગુજરાત સંભારતું રહેશે. જાહેર જીવનમાં ખાનદાન રજવાડાંની આ પેઢી હવે પૂરી થઈ ચૂકી છે અને આજના આપણા નેતાઓ જ્ઞાતિબળે અથવા ધનસપત્તિના બળે કે પાર્ટીના નામે ચૂંટાયા પછી સંસદ કે ધારાસભામાં શું ઉકાળે છે તે આપણાથી અજાણ્યું નથી.

*તંત્રીસ્થાનેથી...*

# જિસ ઈન્સાન કા મકસદ સિર્ફ નુકસાન હો...

*જિસ ઈન્સાન કા મકસદ સિર્ફ નુકસાન હો...*
*ઉસસે કીસી કા ફાયદા નહીં હો સકતા...*

- મકબૂલ



## ડાયલોગથી દેવભાષા

ડૉ. જય ઓઝા

ઈ.સ. ૨૦૦૩માં વિશાલ ભારદ્વાજ નિર્દેશિત 'મકબૂલ' ફિલ્મ શેકસપિયરનું પ્રખ્યાત નાટક 'મેકબેથ'નું સંપૂર્ણ બોલીવુડ દેશી વર્ઝન હતું, અને તેમાં દરેકનું કામ અફલાતૂન હતું, ઈરફાન ખાન, તબુ અને પંકજ કપૂર ઉપરાંત ઓમપુરી અને નસીરુદ્દીન શાહ જેવા ધરખમ કલાકારો આ ફિલ્મનું જમાપાસુ હતા. આ ફિલ્મના સંવાદ પણ વિશાલ ભારદ્વાજે જ લખ્યા હતા.

જહાંગીર ખાનનું પાત્ર ભજવતો પંકજ કપૂર ઉપરનો સંવાદ બોલે છે. જે વ્યક્તિનો આશય કોઈનું બૂરું કરવાનો અથવા તો નુકસાન કરવાનો જ હોય, તે વ્યક્તિની કોઈને ફાયદો થઈ શકતો નથી. નિયતનો કપટી અને ધૂર્ત વ્યક્તિ કયારેય કોઈને હિતેચ્છુ બની શકતો નથી.

આવા જ અર્થસામ્યવાળું એક સુભાષિત પંચતંત્રમાં મળી આવે છે.

*ઘાતયિતુમેવ નીચઃ પરકાર્યં વેત્તિ ન પ્રસાધયિતુમ્ ।*
*પાતયિતુમસ્તિ શક્તિર્વાયોર્વૃક્ષં ન ચોન્નમયિતુમ્ ॥*

- પંચતંત્ર

- નીચ વ્યક્તિ બીજાનું કામ બગાડવાનું જ જાણે છે. સુધારવાનું કે સુશોભિત કરવાનું નથી જાણતો... વાયુની શક્તિ વૃક્ષને પાડવા માટે જ હોય છે, તેને વળી પાછું ઉઠાવવા માટે નહીં.

અખૂટ શક્તિના ધની વ્યક્તિ પણ જો નીચ (કપટ) મનસાવાળો હોય તો તેની અઢળક શક્તિ માત્ર કાર્યને રગદોળવા માટે જ થાય છે.

કેવી રીતે સજ્જનોનું કાર્ય ખોરંભે ચડાવવું અથવા તો બગાડવું તે જ તે નીચ વ્યક્તિનો મૂળ ઉદ્દેશ્ય હોય છે.

પંચતંત્ર હોય, મૅકબેથ હોય કે મકબૂલ હોય સમય ભલે કયાં નો કયાં પહોંચી જાય, પરંતુ આવા કપટી અને ધૂર્ત વ્યક્તિ ત્યારે પણ હતા અને અત્યારે પણ છે.

- *jayuoza@gmail.com,*
*Mo. 9898046488*

# માતૃભાષા કાર્યશાળા યોજાઈ



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતીના સત્ત્વને જાણવા, માણવા અને સ્વભાષાનું ગૌરવ વધારવા માટે, જરૂરી એવા ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિનો વ્યાપ વધારવા 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા અગિયારમી કાર્યશાળા તા. ૨૨-૦૯-૨૦૧૮ના રોજ થઈ ગઈ, જેમાં ૨૦ વિદ્યાર્થીઓ સહિત ૫૨ સાધકો ઉપસ્થિત રહ્યા. જેમાં ગુજરાતી ભાષાના નિષ્ણાંત હર્ષદભાઈ શાહ દ્વારા વિભક્તિનો વિષય શીખવવામાં આવ્યો હતો; જયારે ગુજરાતી ભાષાને અનુરુપ એક કસોટી પણ યોજવામાં આવી હતી. જેમાં સારા દેખાવ કરનાર ત્રણ વ્યક્તિઓને ૧૩મી ઓકટોબરની કાર્યશાળામાં સન્માનવામાં આવશે.

● 'મમતા' વાર્તામાસિક સંચાલિત 'વાર્તાયાન' દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી તા. ૨૩-૯-૨૦૧૮ના રોજ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ, ગાંધીનગર ખાતે નવમું પર્વ ઉજવાઈ ગયું. જેમાં ડૉ. પ્રભુદાસ પટેલ તથા પ્રો. સંજય પટેલ પોતાની મૌલિક વાર્તાઓનું પઠન કર્યું હતું જયારે પાષણ પાંડે લિખિત નેપાળી ભાષાની ઉત્તમ ટૂંકી વાર્તા 'જીજાજીનું સ્વૅટર' (હિન્દી) નું પઠન, પ્રા. ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે રજૂ થયેલ વાર્તાઓની સમીક્ષા સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંયોજન સંયોજક ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

- *muljibhaidadhi@gmail.com*

# મહાત્મા ગાંધી : જીવનકવનની પ્રશ્ન શૃંખલા - ૧



## ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધી 'ક્વિઝ'નો વિદ્યાર્થી, અધ્યાપક, વાચકો આ પ્રશ્નોના જવાબ આપીને મહાત્મા ગાંધીને અંજલિ આપી શકે એ પ્રયાસ છે.

વ્યક્તિમાંથી વૈશ્વિક બનેલા માણસ નામે મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની ૧૫૦ની જન્મજયંતિનું વર્ષ ૨જી ઓકટોબર ૨૦૧૮થી શરૂ થઈ રહ્યું છે. ગાંધીજી ૨૦૧૫માં દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા તેને ૧૦૦ વર્ષ થયા હતા. એ વર્ષે એટલે કે ૨૦૧૫થી 'ગાંધીનગર સમાચાર'માં 'ગાંધી ૧૦૦' કોલમ નિયમિત પ્રકાશિત થઈ રહી છે. ત્યારે આજથી આ કોલમમાં મહાત્મા ગાંધીના જીવન કવન સંદર્ભેના ૧૫૦ સવાલોની ક્વિઝ રજૂ કરવામાં આવશે. આ 'ક્વિઝ' જરૂર છે. પરંતુ સ્પર્ધા નથી. અધ્યાપક મિત્રો કૉલેજ અને સંસ્થાના વિદ્યાર્થીઓ સાથે આ પ્રશ્નો સાથે ક્વિઝનો કાર્યક્રમ દર સપ્તાહે આયોજિત કરી શકે છે. જો સંસ્થા કક્ષાએ ક્વિજ કરવામાં આવશે તો 'ગાંધીનગર સમાચાર' પ્રશ્નોના જવાબ મોકલી આપશે. 'ગાંધીનગર સમાચાર'ના વાચકોને પણ મહાત્માના જીવન કવનની પ્રશ્ન શૃંખલામાં જોડાવા- ઉત્તરો મોકલવા ખાસ આમંત્રણ છે. સાચા ઉત્તરો આગામી અઠવાડિયે પ્રસિદ્ધ કરાશે.

૧. 'સત્યના પ્રયોગો' માં કુલ કેટલા ભાગ છે
(અ) આઠ (બ) સાત
(ક) છ (ડ) પાંચ

૨. 'મારા સ્વપ્નનું ભારત' પુસ્તકનું સંકલન કોણે કર્યું હતું
(અ) આર. કે. પ્રભુ (બ) જવાહરલાલ નહેરુ
(ક) વિનોબા ભાવે (ડ) મણિબેન પટેલ

૩. ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી કયા નામે ઓળખાતા હતા.
(અ) ઓતા ગાંધી (બ) કબા ગાંધી
(ક) તુલસી ગાંધી (ડ) મો.ક. ગાંધી

૪. કરમચંદ ગાંધીએ કયાં કયાં કારભારી / દિવાન તરીકે સેવા આપી હતી ?
(અ) પોરબંદર (બ) રાજકોટ
(ક) વાંકાનેર (ડ) ત્રણેય વિકલ્પ સાચા

૫. ........ વર્ષની ઉંમરે ગાંધીજીના વિવાહ થયા હતા.
(અ) ૧૮ વર્ષ (બ) ૧૫ વર્ષ
(ક) ૧૩ વર્ષ (ડ) ૧૧ વર્ષ

૬. ગાંધીજી.......... ઉંમરે વિલાયત ભણવા ગયા.
(અ) ૧૮ (બ) ૧૫
(ક) ૧૩ (ડ) ૧૧

૭. 'નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ' એમ ગાંધીજીને કયારે સમજાયું ?
(અ) રાજકોટ હાઈસ્કૂલમાં (બ) વિલાયક જતા સ્ટીમરમાં
(ક) બેરિસ્ટરના અભ્યાસમાં (ડ) દક્ષિણ આફ્રિકામાં

૮. ગાંધીજીએ તેના પિતાને ખરીદેલું કયું પુસ્તક રસભેર વાંચ્યું હતું.
(અ) સત્યના પ્રયોગો (બ) નરસિંહ ચરિત્ર
(ક) હરિશ્ચંદ્ર આખ્યાન (ડ) શ્રવણ પિતૃભક્તિ નાટક

૯. ૧૮૮૭ની સાલમાં ગાંધીજીએ ......... ની પરીક્ષા પાસ કરી.
(અ) આઠમા ધોરણ (બ) સ્નાતક
(ક) મેટ્રિકયુલેશન (ડ) બેરિસ્ટર

૧૦. ગાંધીજી ભાવનગરની ....... કૉલેજમાં અભ્યાસ અર્થે જોડાયા હતા.
(અ) કૃષ્ણકુમારસિંહજી (બ) ભાવસિંહજી
(ક) તખ્તસિંહજી (ડ) શામળદાસ

૧૧. મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂળી વિષય પર પીએચ.ડી. કોણે કર્યું છે?
(અ) સરદાર પટેલ (બ) વિઠ્ઠલભાઈ પટેલ
(ક) મણિભાઈ પટેલ (ડ) ધીરુબેન પટેલ

૧૨. મહાત્મા ગાંધી બારિસ્ટર કઈ સાલમાં થયા ?
(અ) ૧૦ જુન ૧૮૯૧ (બ) ૧૦ જુન ૧૮૯૪
(ક) ૧૦ જુન ૧૯૧૧ (ડ) ૧૦ જુન ૧૯૦૧

૧૩. બારિસ્ટર થઈને ગાંધીજી હિન્દુસ્તાન કયારે પરત ફર્યા ?
(અ) ૧૨ જુન ૧૮૯૧ (બ) ૧૨ જુન ૧૮૯૪
(ક) ૧૨ જુન ૧૯૯૧ (ડ) ૧૨ જુન ૧૯૦૧

૧૪. અમદાવાદ મિલ માલિકોની સામે મજૂરોની આગેવાની ગાંધીજીએ....... વર્ષમાં લીધી હતી.
(અ) ૧૯૧૫ (બ) ૧૯૧૬
(ક) ૧૯૧૭ (ડ) ૧૯૧૮

૧૫. 'નોબેલ પ્રાઈઝ' માટે મહાત્મા ગાંધીનું કેટલી વખત નોમિનેટ થયું છે.
(અ) એક વાર (બ) ત્રણ ચાર
(ક) પાંચ વાર (ડ) એક પણ વાર નહીં

૧૬. દક્ષિણ આફ્રિકાથી ગાંધીજીનું સ્વદેશાગમન કઈ શાલમાં થયું.
(અ) ૧૯૧૦ (બ) ૧૯૧૫
(ક) ૧૯૨૦ (ડ) ૧૯૨૧

૧૭. દાંડી માર્ચ કયારે થઈ હતી ?
(અ) ૨જી ઓકટોબર (બ) ૧૨ જાન્યુઆરી
(ક) ૧૨ માર્ચ ૧૯૩૦ (ડ) ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭

૧૮. મીઠા સત્યાગ્રહની યાત્રા કેટલા દિવસ અને કેટલા અંતરની હતી ?
(અ) ૧૦ દિવસ ૧૦૦ માઈલ (બ) ૨૦ દિવસ ૨૦૦ માઈલ
(ક) ૨૪ દિવસ ૨૪૧ માઈલ (ડ) ૨૪ દિવસ ૫૪૦ માઈલ

૧૯. ગાંધીજીના કથન મુજબ સૂતરના તાતણે....
(અ) સ્વરાજ (બ) આઝાદી
(ક) સ્વતંત્રતા (ડ) શિક્ષણ

૨૦. એફિલ ટાવર મનુષ્યની મુર્ખાઈ છે. - ગાંધીજીએ આત્મકથામાં ટાંકેલું વાક્ય કોનું છે ?
(અ) ચર્ચિલ (બ) રસ્કિન
(ક) ટોલ્સટોય (ડ) આઈન્સ્ટાઈન

૨૧. ગાંધીજીના જીવન પર ઊંડી છાપ પાડનાર ત્રણ આધુનિક મનુષ્યે પૈકી રસ્કિન અને ટોલ્સતોય સિવાય કયાં ભારતીય છે?
(અ) કરમચંદ ગાંધી (બ) ઓતા ગાંધી
(ક) રાયચંદભાઈ (ડ) લોકમાન્ય તિલક

૨૨. ગાંધીજી દક્ષિણ આફ્રિકા કોની પેઢીમાં કેસ અર્થે ૧૮૯૩માં ગયા હતા?
(અ) અબ્બાસ તૈયબજી (બ) અબ્દુલ કરીમ ઝવેરી
(ક) તૈયબજી દાજી (ડ) અબ્દુલ્લા શેઠ

૨૩. દક્ષિણ આફ્રિકામાં કયા સ્ટેશને રંગભેદના કારણે ગાંધીજીને ટ્રેનમાંથી ઉતારી મૂકવામાં આવ્યા ?
(અ) સેન્ટ પીટસબર્ગ (બ) મેરિત્સબર્ગ
(ક) ચાર્લ્સ ટાઉન (ડ) કેપટાઉન

૨૪. ગિરમીટિયા એટલે...........
(અ) કુલી (બ) બારિસ્ટર
(ક) હિંદી વેપારી (ડ) કરારી મજૂર

૨૫. ગાંધીજીને પાઘડીના કારણે દક્ષિણ આફ્રિકાના છાપાઓએ કેવી ઓળખ આપી ?
(અ) અનવેલકમ વિઝિટર (બ) ગ્રેટ બારિસ્ટર
(ક) હોલી મેન (ડ) એક પણ વિકલ્પ નહીં

૨૬. દક્ષિણ આફ્રિકામાં સૌથી પહેલા કયા ગિરમીટિયાને ન્યાય અપાવ્યો હતો ?
(અ) વેન્કટ સુંદરમ્ (બ) બાલાસુંદરમ્
(ક) મલ્લિકાર્જુન (ડ) ચંદ્રપ્રકાશ

૨૭. ગાંધીજીની આત્મકથામાં કયા વર્ષ સુધીનો સમય સંદર્ભ છે.
(અ) ઈ.સ. ૧૯૧૫-૧૬ (બ) ઈ.સ. ૧૯૨૦-૨૧
(ક) ઈ.સ. ૧૯૩૦-૩૧ (ડ) ઈ.સ. ૧૯૪૯-૫૦

૨૮. 'ગાંધી ગંગા' પુસ્તકના સંપાદક કોણ છે ?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) કાકાસાહેબ કાલેલકર
(ક) પ્યારેલાલ ભૈયા (ડ) મહેન્દ્ર મેગાણી

૨૯. 'ધ વર્ડઝ ઓફ ગાંધી' પુસ્તકના લેખક.....
(અ) ચર્ચિલ (બ) ટોલ્સટોય
(ક) રિચર્ડ એટનબરો (ડ) લુઈ ફિશન

૩૦. ૮૦ના દાયકામાં 'ગાંધી' ફિલ્મ કયા વિદેશીએ બનાવી હતી.
(અ) પર્લ બર્ક (બ) પીટર બુક
(ક) રિચર્ડ એટનબરો (ડ) સ્ટીવન સ્પીલબર્ગ

# ડૉ. પી. સી. વૈદ્ય : શિક્ષણ ક્ષેત્રનું ગુરુશિખર



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સર થિઓડોર હોપ તેમજ કવિ દલપતરામની દ્રષ્ટિને કારણે અમદાવાદની ગુજરાત કોલેજનું બીજ રોપવામાં આવ્યું. દેશ આઝાદ થયો તે પહેલા લગભગ નવ દાયકા અગાઉ આ પ્રયાસ થયો હતો. અમદાવાદ શહેરની ઉજળી શ્રેષ્ઠી પરંપરાને કારણે કોલેજની શરૂઆતને આર્થિક બળ મળ્યું હતું. આવી ઐતિહાસિક કોલેજમાં ૧૯૫૫ માં બનેલી એક ઘટના ફરી ફરી સાંભળવી ગમે તેવી છે. ગુજરાત ભરમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓ ગુજરાત કોલેજમાં પ્રવેશ મેળવવાનું પસંદ કરતા હતા. અધ્યાપકોને પણ પોતાની કોલેજનું ગૌરવ હતું. આ કોલેજમાં ૧૯૫૫ ના વર્ષમાં એક નવા અધ્યાપક જોડાયા. કોલેજમાં કોઈ નવા અધ્યાપકની નિમણૂંક થાય તે આમતો કોઈ અસામાન્ય ઘટના કહેવાય નહિ. છતાં પણ આ નવા જોડાયેલા અધ્યાપકની વાત થોડી જુદી હતી. નવા આવેલા અધ્યાપક વર્ગ-૧ માં જોડાયા હતા. તે સમયે આવા ઊંચા વર્ગના દરેક પ્રાધ્યાપકો સામાન્ય રીતે કોટ – પેન્ટ – ટાઈમાં સુસજ્જ થઈને કોલેજમાં અધ્યાયન કાર્ય માટે આવતા હતા. પરંતુ કોલેજમાં નવા દાખલ થયેલા આ ગણિતના પ્રાધ્યાપક પહેરવેશની આ ઘરેડમાં પડેલા ન હતા. તેઓ તો શુધ્ધ ખાદીના કફની તથા લેંઘો પહેરીને ગણિત શીખવવા આવતા હતા. ઘરેડમાં પડેલી તમામ આંખો આ અધ્યાપકના 'નવા વેશ' ને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ જતી હતી. ઉપરાંત આ અધ્યાપક પાછા સાયકલ લઈને કોલેજમાં આવતા હતા. પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓમાં વાત પ્રસરી ગઈ : " કોઈ વિચિત્ર અધ્યાપક ગણિત ભણાવવા માટે કોલેજમાં નવા નવા જોડાયેલા છે. " મહાત્મા ગાંધી આફ્રિકાથી પાછા આવ્યા અને મુંબઈમાં એક જાહેર કાર્યક્રમમાં દેશી પોષાક પહેરીને હાજરી આપી ત્યારે પણ હાજર રહેલા લોકોને મહાત્માનો આ પોષાક ઘરેડ મુજબનો નથી તેવું લાગ્યું હતું. આજ વાત અને સરખીજ મનોદશાનું અહીં પણ પુનરાવર્તન થતું જોઈ શકાય છે. આ 'વિચિત્ર' મનાતા સાહેબ પોતાનો પ્રથમ વર્ગ લેવા માટે ક્લાસરૂમમાં પ્રવેશ કરે છે. ક્લાસમાં વિદ્યાર્થીઓ શાંતિથી બેઠા છે પરંતુ ક્લાસના બ્લેકબોર્ડ ઉપર કોઈએ નવા પ્રાધ્યાપકના પહેરવેશ અંગે કટાક્ષ કરતાં લખ્યું છે : " સાહેબ તો લેંઘો પહેરીને આવે છે. " વિદ્યાર્થીઓની ધારણા હતી કે આવું મજાક ભરેલું વાક્ય વાંચતાંજ નવા આવેલા અધ્યાપકનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી જશે. પરંતુ ખરેખર શું બન્યું તે જાણવું રસપ્રદ છે. સાહેબે એ વાક્ય જોયું અને સૌને સંભળાય તેમ મોટેથી વાંચ્યું પણ ખરું. સાહેબ લેંઘો પહેરીને આવે છે તે વાક્યનું મોટેથી પુનરાવર્તન કરીને પછી ઉમેરે છે : " તમારી ઈચ્છા હશે તો કાલથી લેંઘો ઉતારીને આવીશ " હાજર રહેલા વિદ્યાર્થીઓમાં હાસ્ય ફેલાઈ ગયું અને તાળીઓના ગડગડાટથી તેમણે આ નૂતન અધ્યાપકની તીવ્ર વિનોદશક્તિનો અંતરથી આદર કર્યો. આ અધ્યાપક એટલે પ્રહલાદરાય ચુનીલાલ વૈદ્ય. દેશમાં અનેક લોકો તેમને પી. સી. વૈદ્ય તરીકે ઓળખે છે અને આદર કરે છે. વૈદ્ય સાહેબનો જન્મ મે-૧૯૧૮ માં થયો હતો તેથી ૨૦૧૮ નું વર્ષ એ તેમની જન્મ શતાબ્દીનું વર્ષ ગણી શકાય. ગાંધી અને ગણિત વાળા આ ગુજરાતીની સ્મૃતિને વંદન કરતા ગૌરવનો અનુભવ થવો સ્વાભાવિક છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી અરુણ વૈદ્ય લિખિત એક પુસ્તકનું પ્રકાશન 'આપણી મોંઘેરી ધરોહર' તરીકે થયેલું છે. જેમાં વૈદ્ય સાહેબના જીવનની અનેક વાતોનું રુચિપૂર્ણ રીતે આલેખન કરવામાં આવેલું છે. વૈદ્ય સાહેબના ભાતીગળ વ્યક્તિત્વને જન જન સુધી પહોંચાડવાના આ સ્તુત્ય પ્રયાસ માટે આપણે અરુણભાઈ તેમજ વિશ્વકોશ ટ્રસ્ટના ઋણી છીએ. ગુજરાત પોતાના ધનપતિ શ્રેષ્ઠીઓ માટે ગૌરવનો ભાવ અનુભવે તે સકારણ છે. પરંતુ આ ધરતી પર જન્મેલા કેટલાક સાક્ષરોએ સરસ્વતી સાધનાનું કરેલું કાર્ય પણ વિરલ તેમજ વિશિષ્ટ છે. ગુજરાતની આ ધરતીએજ નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકાની ભેટ જગતને આપી છે. મનુભાઈ પંચોળી 'દર્શક' જેવા જ્ઞાન સમૃધ્ધ શિક્ષક જગતને આપેલા છે. ડોલરરાય માંકડ, ઉમાશંકર જોશી તેમજ વિશ્વકોશના સર્જક ધીરુભાઈ ઠાકરની અમૂલ્ય ભેટ વિશ્વ સમાજના ચરણે ધરેલી છે. વૈદ્ય સાહેબ પણ આ ઉજળી પરંપરાનીજ એક મહત્વની કડી સમાન છે.

કોલેજના વર્ગોમાં વૈદ્ય સાહેબને સાંભળવા અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ પણ આવીને બેસતા હતા. હમણાંજ આપણી વચ્ચેથી વિદાય થયેલા કવિ નિરંજન ભગતના વર્ગોમાં પણ આમજ થતું હતું તેમ કહેવામાં આવે છે. ગુજરાતમાં ગણિત શિક્ષકોમાં ડૉકટરેટ મેળવનાર વૈદ્ય સાહેબ પહેલા હતા તેમ માનવામાં આવે છે. આથી વિદ્યા વર્તુળમાં તેમનું નામ ખૂબ જાણીતું તેમજ માનીતું બન્યું હતું. ગણિતશાસ્ત્ર ઉપરાંત ભૌતિકશાસ્ત્રમાં સાપેક્ષતાવાદમાં પણ તેમણે મહત્વના પરિણામો મેળવ્યા હતા અને જે ખૂબ જાણીતા થયા હતા. અનેક જગાઓએ સાહેબના પ્રવચનો ગોઠવાતા અને લોકો તેમની વાત રસપૂર્વક સાંભળતા હતા. તેમની શબ્દો પરની પકડ તેમજ વિનોદવૃત્તિ અસામાન્ય હતી. વૈદ્ય સાહેબને તેમના સંશોધન કાર્યમાં બનારસ સ્થિત સુપ્રસિધ્ધ પ્રાધ્યાપક નારલિકરનું સતત માર્ગદર્શન મળ્યું હતું. વૈદ્ય સાહેબ જીવનભર એક સંશોધક બનીને જીવ્યા હતા. તેઓ ખરા અર્થમાં અધ્યાપક હતા.

ગુજરતતમાં રાષ્ટ્રપતિ શાસન હતું તેવા સમયે ગુજરાત પબ્લીક સર્વીસ કમીશનના અધ્યક્ષ તરીકે વૈદ્ય સાહેબની પસંદગી કરવામાં આવી. ૧૯૭૭ સુધી તેઓ તે જગા પર કામ કરતા રહ્યા. લાલ દરવાજા ખાતે તે સમયે બેસતી આયોગની કચેરીમાંથી ઉતરીને એએમટીએસની બસમાં સવારી કરીને ઘરે પહોંચનાર આ અધ્યક્ષ આયોગની કામગીરીમાં પણ અનેક ગુણાત્મક પરિવર્તનો કરી શક્યા. ગુજરાત પબ્લીક સર્વીસ કમીશનમાંથી નિવૃત્ત થયા બાદ ભારત સરકારે તેમને યુપીએસસીના સભ્ય તરીકે પસંદ કર્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકેના અનેક ભાતીગળ નામોમાં પી. સી. વૈદ્ય સાહેબનો સમાવેશ થાય છે.

સાંપ્રત સમયમાં જ્યારે શિક્ષણની ગુણવત્તા સબંધમાં અનેક પ્રશ્નાર્થો ઊભા થયા છે ત્યારે પ્ર. ચુ. વૈદ્ય જેવા કર્મઠ કેળવણીકારની ખોટ અનેક પ્રસંગોએ અનુભવી શકાય છે.